પોલીસ અધિક્ષકશ્રીની કચેરી ભરૂચ.
એલ.આઇ.બી. શાખા
ફોન નંબર : ૦૨૬૪૨ ૨૨૩૩૫૦
ઇ-મેઇલ : lib-sp-bha@gujarat.gov.in

નંબર : LIB/MMS/ગ્રીન/વિકલી/ /૨૦૨૨,

તારીખ : ૦૫/૦૬/૨૦૨૨.

**વિષય : તારીખ : ૩૦/૦૫/૨૦૨૨ થી તારીખ : ૦૫/૦૬/૨૦૨૨ સુધીના ગ્રીન કેટેગરીના પેપર કટીંગની માહિતી મોકલવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, તારીખ : ૩૦/૦૫/૨૦૨૨ થી તારીખ : ૦૫/૦૬/૨૦૨૨ સુધીમાં જુદા-જુદા ન્યુઝપેપરમાં આવેલ ગ્રીન કેટેગરીના સારી કામગીરીના પેપર કટીંગની માહિતી તૈયાર કરી આ સાથે પેટામાં સામેલ રાખી મોકલી આપેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

(બી.એન.સગર)
પોલીસ ઇન્સપેકટર
એલ.આઇ.બી., ભરૂચ

સ.સા. રવાના ;
કોમ્પ્યુટર શાખા તરફ

**DATE: 30/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**



# ધારોલી ગામે દેશી દારૂ બનાવવાનો સામાન વેચતાં દુકાનદારની ધરપકડ

ઝઘડિયા: ઝઘડિયાના ધારોલી ગામે કબુતરખાના પાસે મુકેશ નગીનભાઈ મોદીની દુકાનમાં દારૂ ગાળવા અખાદ્ય ગોળ તેમજ ફટકડીનું વેચાણ બેરોકટોક થતું હોવાની બાતમી મળતાં LCB પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં દુકાનમાલિક મુકેશ મોદી હાજર હતો. પોલીસ સઘન ચેકિંગ કરતા દેશી દારૂ ગાળવાનો અખાદ્ય ગોળ, ફટકડી તેમજ મહુડા મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ.૩,૪૨,૮૩૦નો મુદ્દામાલ કબજે કરી મુકેશ મોદીની ધરપકડ કરતાં તેણે ઘટસ્ફોટ કર્યો હતો કે આ સામાન અંકલેશ્વરના સંજય અરવિંદભાઈ ગાંધી, ડહેલીનો મહેન્દ્ર ઉર્ફે ગોપી તેમજ અંકલેશ્વરના નરહરિ ઉર્ફે જુગનું ચીમનભાઈ મોદી પાસેથી ખરીદ્યો હતો. જેથી પોલીસે આ ત્રણ સામે ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 30/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાંથી વોન્ટેડ બૂટલેગર ગની ઝડપાયો

અંકલેશ્વર | અંકલેશ્વર શહેર પોલીસે વોન્ટેડ બુટલેગર ગણેશ ઉર્ફે ગની ને ઝડપી પાડ્યો હતો. 22 મી ના રોજ હસ્તી તળાવ હાઉસિંગ બોર્ડ માં ઝડપાયેલ 13 હજાર રૂપિયા દારૂ ના કેસ માં વોન્ટેડ હતો. ઝડપાયેલ મહિલા બુટલેગરને દારૂ નો જથ્થો પહોંચાડ્યો હતો. ગત તારીખ-22 મી મેના રોજ ભરૂચ એલસીબી પોલીસે અંકલેશ્વરના હસ્તી તળાવ વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતી મહિલા બુટલેગર નસરીન બેન નિઝામ મિરઝામાંથી ઈંગ્લીશ દારૂની 130 નંગ બોટલ મળી કુલ 13 હજારથી વધુના મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને મહિલા તેમજ કુખ્યાત બુટલેગર શાહરુખ નજીર અહેમદ પઠાણને ઝડપી પાડ્યો હતો આ ગુનામાં નાસ્તો ફરતો આરોપી ને શહેર પોલીસે નવી નગરી ના બુટલેગર ગણેશ ઉર્ફે ગની વસાવાને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 31/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# પેરોલ જમ્પ કરનાર કેદી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના શંખવાડ ગામે પાદર ફળિયામાં રહેતો મુસ્તુફા મન્સુર ભટ્ટી વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકેની સજા ભોગવી રહ્યો હતો. દરમિયાનમાં તેણે ગત 28મી એપ્રીલના રોજ 7 દિવસના વચગાળાના જામીન મંજુર થતાં તે પેરોલ પર છુટ્યો હતો. તેને 5મી મેનારોજ વડોદરા જેલમાં હાજર થવાનું હોવા છતાં તે થયો ન હતો. દરમિયાનમાં પેરોલ સ્કવોર્ડે તેને ઝડપી પાડ્યો હતો.

**DATE: 31/05/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અટકેલા કામ કરી આપવાનું કહી વેપારીને ભોળવ્યો

# નવસારીની બે મહિલાએ સજોદના વેપારીને ઠગ્યો

### બંને મહિલાઓને શહેર પોલીસના હવાલે કરી



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

શ્રદ્ધા અને અંધશ્રદ્ધા એ કેટલીક વખત લોકો આર્થિક રીતે પાયમાલ કરી દેતા હોય છે. કંઈક આવું જ સજોદ ના વેપારી ગુમાનભાઈ પટેલ જોડે બનતા બનતા રહી ગયું હતું. ગત રોજ સજોદ ખાતે અનાજ કરિયાણા વેપારી જોડે બન્યું હતું. ગ્રાહકના સ્વાંગમાં આવેલ નવસારીની બે મહિલા ખરીદી કરવાના બહાને તેમની પાસે પહોંચી અટકેલા કામો કરી આપતા હોવાની કામ કરતી હોવાનું જણાવી વેપારીને વિશ્વાસમાં લીધા હતા. વેપારી એ પોતાનું અટકેલ કામ પૂર્ણ કરવા માટે બને ઠગ મહિલા કહ્યું હતું પછી મહિલા વિધિ કરવાના બહાને પૂજવા લાગ્યા અને રૂપિયા 15000 હજાર વિધિના માગ્યા જે ના અપાતા અંતે 9 હજાર રૂપિયા માંગી લીધા હતા જે વેપારી આમતેમથી કરી આપ્યા બાદ મહિલાએ તેની પાસે તેલ સહીત અન્ય કરિયાણું લઈ કાલે તમારું કામ થઈ જશે કહી ફરાર થઈ ગયા બાદ મહિલાઓ ફોન ઉંચકવા નું બંધ ના કરતા પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે આવી રહ્યા હતા તે દરમિયાન બંને મહિલા દિવા રોડ પર શાકભાજી વેચી રહેલી મહિલા ને છેતરી રહી હતી જે નજરે પડતા બંને મહિલા ને તેવો એ પકડી તાલુકા પોલીસને હવાલે કરી હતી.

**DATE: 01/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

તરુણો, યુવાઓ, મહિલાઓ, સહિતના અસમર્થ લોકો સજેશન બોક્સ થકી પોતાની સમસ્યા જણાવી શકશે

# ભરૂચમાં 5 સ્થળે મૂકાયાં સજેશન બોક્સ, નિર્ભયતાથી પોલીસને પોતાની વાત કહો

## દરેક બોક્સમાંથી રોજે રોજ પત્રો મેળવી તેમની સ્ક્રૂટિની કરી પોલીસ વિભાગની જે તે શાખા નિરાકરણ લાવશે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા લોકોમાં પોલીસ પ્રત્યેના લોકોના નજરીયાને બદલવા માટે નવિનતમ અભિગમ અપનાવવામાં આવ્યો છે. શહેરના પાંચ સ્થળોએ પોલીસ દ્વારા સજેશન બોક્સ મુકવામાં આવ્યાં છે. જેમાં જે લોકો પોલીસનો સીધો સંપર્ક સાંધવામાં ભિતી અનુભવતાં હોય અથવા તો તેમને અન્ય કોઇ સમસ્યા હોય તેવા સંજોગોમાં તેઓ પોલીસને પોતાની સમસ્યાથી વાકેફ કરી તેમની મદદ મેળવી શકે તે માટે પોતાની ફરિયાદો તેમજ વિવિધ સજેશનના પત્ર લોકો નાંખી શકશે. જેથી કે પોલીસ પોતાના સ્તરે જો તેઓ જે તે પ્રશ્નનું નિરાકરણ લાવશે.

ભરૂચ પોલીસે શહેરના અલગ - અલગ 5 સ્થળોએ સજેશન બોક્સ મુકાવ્યા છે. આ બોક્સમાં વ્યક્તિ ઓળખ સાથે અથવા ઓળખ છુપાવીને પોલીસને હકીકતથી વાકેફ રાખી શકે છે સાથે શહેરની સમસ્યાઓ હલ કરવામાં ભાગીદાર બની શકે છે.ભરૂચ શહેરના રેલવે સ્ટેશન સહીત 5 સ્થળોએ સજેશન બોક્સ મુકવામાં આવ્યા છે. આ બોક્સમાં લોકો નિર્ભય બની ફરિયાદ રજૂઆત અને સૂચનો મૂકી શકે છે. પોલીસ એક ચોક્કસ સમયગાળા બાદ આ બોક્સ ખોલી મળેલા પત્રનો જવાબ કાર્યવાહી અથવા જરૂરી માર્ગથી આપવા પ્રયત્ન કરશે.




ભરૂચમાં 5 સ્થળે સજેશન બોક્ષ મુકવામાં આવ્યા.

**ડર વિના ફરિયાદ કરો**

સામાજિક બંધન કે અન્ય કારણોસર કેટલાય લોકો પોલીસના શરણે જવાનું ટાળે છે ત્યારે પોલીસે તેમને ડર વિના ફરિયાદ કરવા અપીલ કરી છે.

### પત્રોમાં લખેલી સમસ્યાઓ જાણી તેને હલ કરીશું

સુરત ખાતે આ પ્રકારે સજેશન બોક્સ મુકી લોકોના અભિપ્રાય સમસ્યા જાણવાનો પ્રયાસ થયો હતો. જેને સારો પ્રતિસાદ મળ્યો હતો. ભરૂચમાં પણ અમે તેવી રીતે જ અલગ અલગ 5 સ્થળોએ સજેશન બોક્સ મુક્યાં છે. જે યુવતિઓ-મહિલાઓ તેમના પર થતાં અત્યાચાર, છેડતી કે અન્ય પ્રકારની હેરાનગતિ સહિતની સમસ્યાઓથી પિડીત હશે તો તેને યોગ્ય ન્યાય મળે તે માટેના પ્રયાસ કરીશું. હાલમાં અમે ભરૂચ સિટીને ધ્યાનમાં લઇને જ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. ડૉ.લીના પાટીલ, એસપી, ભરૂચ.

**DATE: 01/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ફોર વ્હીલ વાહનોને રોકીને બ્લેક ફિલ્મ પણ દૂર કરવામાં આવી

# અંકલેશ્વરમાં ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકિંગ ઝુંબેશ હાથ ધરાઈ

### સીટ બેલ્ટ તેમજ લાઈસન્સનું ચેકિંગ હાથ ધરી દંડનીય કાર્યવાહી કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માં ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ફોર વ્હીલ ની બ્લેક ફિલ્મ દૂર કરવામાં આવી હતી સાથે સીટ બેલ્ટ તેમજ લાયસન્સ નું ચેકીંગ હાથ ધરી દંડનીય કાર્યવાહી કરી હતી.

અંકલેશ્વરમાં અલગ અલગ ટ્રાફિક પોઈન્ટ પર ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ વાહન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં લાયસન્સ સહીત ના દસ્તાવેજ ,ફોર વ્હીલ સીટ બેલ્ટ અને ફોર વ્હીલ માં લગાડવામાં આવેલ બ્લેક ફિલ્મ ને દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી અંકલેશ્વર ટ્રાફિક શાખા ના પીએસઆઈ જે પી ચૌહાણ સહીત ના ટ્રાફિક પોલીસ કર્મચારીઓ દ્વારા વાહન ચેકીંગ હાથ ધરી ફોર વ્હીલ ની બ્લેક ફિલ્મ દૂર કરવામાં આવી હતી તેમજ સીટ બેલ્ટ ન બાંધનાર અને લાયસન્સ વગર ના સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.





ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકિંગ ઝુંબેશ હાથ ધરાયું • હર્ષદ મિસ્ત્રી

**DATE: 01/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઝઘડિયા પોલીસે દરોડો પાડતાં દોડધામ મચી

# ઝઘડિયા શહેરમાં જુગાર રમાડતી મહિલા ઝડપાઈ

## મહિલા જુગારી પાસેથી3200 રૂપિયા જપ્ત કર્યાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા ખાતે પોલીસે સટ્ટા બેટિંગના આંકડાનો જુગાર રમાડતી એક મહિલાને ઝડપી લીધી હતી. આ અંગે ઝઘડિયા પોલીસમાંથી મળતી વિગતો મુજબ ઝઘડિયા પોલીસને ઝઘડિયા ટાઉન વિસ્તારમાં દારૂ જુગારની તપાસ માટેના પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હત કે ઝઘડિયા સેવારુરલ દવાખાનાની પાછળ આવેલ દુકાનની પાછળના ભાગે બેસીને એક મહિલા આંક ફરકના આંકડાનો જુગાર રમાડે છે. પોલીસે બાતમી મુજબના સ્થળે છાપો મારતા ત્યાં એક ઇસમ કંઇક લખાવતો નજરે પડ્યો હતો. પોલીસને જોઇને તે ઇસમ નાશી છુટ્યો હતો, જ્યારે આંકડા લખનાર બહેન પકડાઇ ગઇ હતી. આ પકડાઈ ગયેલ બહેનનું નામ પુછતા તેણે પોતાનું નામ ભારતીબેન ડાહ્યાભાઇ વસાવા રહે.સુલતાનપુરા ઝઘડિયા હોવાનું જણાવ્યું હતું. ઘટના સ્થળેથી પોલીસને આંકડા લખેલ કાગળ, બોલપેન તેમજ રોકડા રૂ.3240 મળી આવ્યા હતા. પોલીસે આ મુદ્દામાલ કબજે લઇને સટ્ટા બેટિંગનો આંકડાનો જુગાર રમાડતા ઝડપાઈ ગયેલ ભારતીબેન ડાહ્યાભાઇ વસાવા રહે. સુલતાનપુરા ઝઘડિયાના વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છેકે ઝઘડિયા તાલુકાના ગ્રામિણ વિસ્તારોમાં પણ આંકડા લખવાના ધંધા પુરબહારમાં ખીલ્યા હોવાની વ્યાપક લોકચર્ચાઓ જાણવા મળી છે, ત્યારે પોલીસ આ બાબતે લાલઆંખ કરી જુગારની બદીનેનાબુદ કરે તેવી માગ ઉઠી છે.

**DATE: 02/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# રાજપારડીમાં મોબાઇલ પર સટ્ટા બેટિંગના આંકડા લખાવતો યુવક ઝડપાયો

ઝઘડિયા: રાજપારડી પોલીસ સોમવારે રાજપારડી ટાઉનમાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે, રાજપારડીના સડક ફળિયામાં રહેતો તોફિકમદાર હાજીમદાર દિવાન મોબાઇલ ફોન પર સટ્ટા બેટિંગના હારજીતના આંકડા રમાડે છે. પોલીસે બાતમી મુજબના સ્થળે જઇને તપાસ કરતાં ઘરમાં બેસીને તોફિકમદાર પૈસાથી રમાડતો હોવાનું જણાયું હતું. આ યુવકના મોબાઇલ ફોનમાં જોતાં ભટ્ટભાઇના નામથી સેવ કરેલ નંબર જણાયો હતો. વોટ્સએપમાં અન્ય એક નંબર કિરણના નામથી સેવ કર્યો હતો. તોફિકને આ નંબરોવાળા ઇસમો વિશે પૂછતાં ભટ્ટભાઇ તેમજ કિરણભાઇ વડોદરાના હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત પોતાના મોબાઇલ ફોનમાં લખેલા આંકડાનું કટિંગ શિનોરના સાધલીના રઇશભાઇ નામના ઇસમને મોબાઇલ પર લખાવતો હોવાનું જણાવ્યું હતું. આ બાબતે રાજપારડી પોલીસે તોફિકમદાર હાજીમદાર દિવાન વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**DATE: 02/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# ઝઘડિયા સહિત હરણીમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

ઝઘડિયાઃ ભરૂચ LCBએ ઝઘડિયા પોલીસ સ્ટેશન ઉપરાંત વડોદરા જિલ્લાના હરણી પોલીસ હદમાં વોન્ટેડ આરોપીને ઝડપી લીધો હતો. ભોલાવ ઓવરબ્રિજ નીચેથી ઝડપાયેલો બબલુ ઉર્ફે અજય હરિપ્રસાદ આર્ય (રહે.,હરિદ્વાર સોસાયટી, ભરૂચ) બંને પોલીસ સ્ટેશનમાંથી લગભગ એકાદ વર્ષથી વોન્ટેડ હતો. વોન્ટેડ આરોપી વિરુદ્ધ વડોદરા કોર્ટ તરફથી તેની ધરપકડ કરવા વોરંટ નીકળતાં ભરૂચ સી-ડિવિઝનને ઝડપવાની કામગીરી સોંપવામાં આવી હતી. ભરૂચ LCB પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 02/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વરમાં ફરાર બુટલેગર ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વરમાં પ્રોહિબિશનનો નાસતો ફરતો આરોપી બુટલેગર આરીફ યુસફ લાલશેઠ (રહે., રેલવે સ્ટેશન પાસે, નરિમાન જીન કમ્પાઉન્ડ, અંકલેશ્વર) પોતાના ઘરે હોવાની બાતમી પેરોલ ફ્લો સ્કવોડને મળતાં ઝડપી લઈ શહેર પોલીસને આગળની કાર્યવાહી માટે સોંપ્યો હતો.

**DATE: 03/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ગુંડેચા નજીકથી શંકાસ્પદ ડીઝલ ઝડપાયું

ઝઘડિયા: ગુંડેચા ગામ નજીકથી શંકાસ્પદ ડીઝલનો જથ્થો ઝડપાયો હતો. રાજપારડી પીએસઆઇ જી.આઇ.રાઠોડને બાતમી મળી હતી કે, ગુંડેચા ગામના બસ સ્ટેન્ડ પાસે બોલેરોમાં શંકાસ્પદ ડીઝલનો જથ્થો આવનાર છે. આથી તપાસ કરતાં બસ સ્ટેન્ડ પાસેથી એક બોલેરો ગાડીમાં પ્લાસ્ટિકના ચાર કારબામાં શંકાસ્પદ અને ચોરીનું મનાતું ૧૮૦ લીટર જેટલું ડીઝલ લઇને જતાં ચેતન જીકુ પરમાર (રહે.,રાજપારડી) તેમજ અજય નવલસંગ વસાવા (રહે.,ગુંડેચા, તા.ઝઘડિયા) ઝડપાયા હતા. શંકાસ્પદ ડીઝલ બાબતે રાજપારડી પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# વાલિયા ચોકડી ઉપર મુસ્કાન સ્પામાંથી સેક્સ રેકેટ ઝડપાયું, સંચાલકની અટકાયત

## **રોકડ** અને મોબાઇલ મળી કુલ રૂપિયા ૧૫ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે વાલિયા ચોકડી સ્થિત ઓમકાર-૧ શોપિંગ સેન્ટરમાં મુસ્કાન સ્પાની આડમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ કરી સંચાલકને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વરની વાલિયા ચોકડી સ્થિત ઓમકાર-૧ શોપિંગ સેન્ટરમાં મુસ્કાન સ્પાના આડમાં કૂટણખાનું ચાલતું હોવાની બાતમી જી.આઈ.ડી.સી. પોલીસમથકના વી.એ.આહીરને મળી હતી. તેમણે વિભાગીય પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ડમી ગ્રાહક અને પંચો તૈયાર કરી ૨ મહિલા પોલીસ સહિત ૧૦ પોલીસ જવાનોને રેડ માટે તૈયાર કર્યા હતા. જેમાં ડમી ગ્રાહક સ્પા જતાં જ પોલીસ ઉપર મિસ્ડ કોલ કરતાં પોલીસે રેડ કરી હતી.



પોલીસને કાઉન્ટર ઉપરથી મૂળ યુપી અને હાલ શોપિંગ સેન્ટર ખાતે રહેતો સ્પાનો સંચાલક સાહિદખાન અખ્તરખાન (રહે.,SF-૧૪, ઓમકાર-૧માં આવેલ મુસ્કાન સ્પા, આનંદ હોટલની ઉપર, વાલિયા ચોકડી, અંકલેશ્વર, મૂળ રહે.,ઉત્તર પ્રદેશ) તેમજ મસાજ માટે આવેલો ઈસમ મળી આવ્યો હતો. જ્યારે સ્પાના રૂમોમાંથી કઢંગી હાલતમાં ડમી ગ્રાહક સાથે યુવતી મળી આવી હતી. તો અન્ય રૂમમાંથી યુવતી કઢંગી હાલતમાં મળી આવી હતી. પોલીસે સ્પાના નામે દેહ વેપાર ચલાવતા સંચાલકની અટકાયત કરી હતી અને કાઉન્ટર તેમજ અંગ ઝડતીમાંથી રોકડા રૂ.૯૦૦૦ અને ૧ મોબાઈલ રૂ.૬૦૦૦ મળી કુલ રૂ.૧૫ હજારનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય એ છે કે, ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલની નિમણૂક બાદ ગુનાહિત પ્રવૃત્તિ કરનારા સામે લાલ આંખ કરી છે. ત્યારે SP તરીકેની નિમણૂક બાદ સ્પાની આડમાં ચાલતું બીજું કૂટણખાનું ઝડપી પાડ્યું હતું.

**DATE: 03/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# પાલેજમાં આંકડાનો જુગાર રમાડતા બે શખ્સ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના પાલેજ ગામે ઈલાહી શોપિંગ સેન્ટરની પાછળ બે શખ્સો મુંકઈથી નિકળતાં વરલી મટકાના આંકડા પર જુગાર રમાડતાં હોવાની ચોક્કસ બાતમીના આધારે પાલેજ પોલીસે સ્થળ પરદરોડો પાડતાં સિરાજ ઈબ્રાહિમ ચોપડા (રહે. મદીના મસ્જીદ, કરજણ વડોદરા)ને ઝડપી પાડ્યો હતો. ઉપરાંત યુનુસ ઈબ્રાહિમ ભરૂચી (રહે. કહાન) ની પણ ધરપકડ કરી હતી.પોલીસે બન્ને વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 05/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER SNDESH PAGE–11**

### જીતાલી સેગપુર રોડ પર રિક્ષામાં જગની તલાશી લેતા

# પાણીના જગમાં દેશીદારૂ સપ્લાય કરતા ત્રણ બૂટલેગરો ઝડપાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં પાઈપલાઈન બાદ ફિલ્ટર પાણીના જગમાં દેશીદારૂની હેરાફેરીનું કૌભાંડ પોલીસે ઝડપી પાડ્યું છે. પોલીસે ૩ બુટલેગરોની આ મામલામાં ધરપકડ કરી છે.

અંકલેશ્વર પંથકનાં જીતાલી સેગપુર રોડ ઉપરથી રીક્ષા નંબર જીજે ૧૬ એટી ૫૬૯૩ મા કેટલાક બુટલેગરો પાણીના જગમાં દેશી દારૂની હેરાફેરી કરતા હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે જીતાલી રોડ પર બાતમી વાળી રીક્ષાને રોકી તેમાં રહેલા પાણીના જગમાં તપાસ કરતા દેશી દારૂનો ૧૮ લીટરનો જથ્થો મળી આવ્યો હતો રિક્ષામાં સવાર અને ચાલક બલરામસિંહ ચૌહાણ, અનિલ ઠાકોર, દિલીપ વળવી મળી ત્રણ ઈસમોની અટકાયત કરી હતી. તો બીજી તરફ દેશી દારૂનો જથ્થો આપનાર મહિલા બુટલેગરને વોન્ટેડ જાહેર કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ અંકલેશ્વરમાં જ પાઈ પલાઈન મારફતે દારૂ પહોંચાડવાનું કૌભાંડ ઝડપાયું હતું. ત્યારે પોલીસની ઘોંસ વધતાં બુટલેગરો દારૂની હેરાફેરી માટે હવે અવનવા કીમિયા અપનાવી રહ્યા છે.

**DATE: 05/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

### સી.કે. પટેલ કોમ્પ્લેક્સની મોબાઈલ ગેરેજ દુકાનના સંચાલક પાસે મોબાઈલના પુરાવા ન મળ્યા

# અંકલેશ્વર પોલીસે શંકાસ્પદ 5 મોબાઈલ સાથે દુકાનના સંચાલકની ધરપકડ કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસે છાપરા પાટિયા પર ફોન ગેરેજ માં શંકાસ્પદ 5 મોબાઈલ મળી આવ્યા હતા. સી.કે. પટેલ કોમ્પ્લેક્સ માં આવેલ મોબાઈલ ગેરેજ ના સંચાલક પાસે 5 મોબાઈલ ના જરૂરી આધાર પુરાવા માંગતા ના મળી આવ્યા હતા. પોલીસે 5 મોબાઈલ કિંમત રૂપિયા 35 હજાર નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મોબાઈલ દુકાનધારક ની સી.આર.પી.સી 102 મુજબ અટક કરી પૂછપરછ આરંભી હતી.

અંકલેશ્વર શહેર પોલીસની સર્વેલન્સ સ્કોર્ડ ની ટીમ છાપરા પાટિયા-અંદાડા રોડ પર પેટ્રોલિંગ માં હતા. તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે અંદાડા ના છાપરા પાટિયા પાસે આવેલ સી. કે. કોમ્પ્લેક્સમાં ફોન ગેરેજનો દુકાન સંચાલક રીપેરીંગ માં આવેલા ફોન બિલ અને જરૂરી મોબાઈલ બીલો વગર વેચાણ કરી રહ્યો છે. જે આધારે પોલીસે દુકાન માં સર્ચ કરતા દુકાન માંથી 5 જેટલા મોબાઈલ મળી આવ્યા હતા પોલીસે અલગ અલગ કંપની માં 5 મોબાઈલ અંગે દુકાન સંચાલક દીપેન નીતિન કુમાર ઠક્કર પાસે જરૂરી બીલો માગતા તેના સંતોષકારક જવાબ ના આપી ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો. જે આધારે પોલીસે વિવો અને રિયલમી કંપની ના 5 મોબાઈલ મળી કુલ 35000 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 05/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

# વલી ગામે આંકડાનો જુગાર રમાડતો એક ઈસમ ઝડપાયો

ઝઘડિયા| ઉમલ્લા પોલીસે નજીકના વલી ગામેથી આંકફરકના આંકડા લખતા એક ઈસમને ઝડપી લીધો હતો. પોલીસને મળેલ બાતમીના આધારે વલી ગામની નવીનગરીમાં નિલેશ કનુ વસાવા રહે.ગામ રાયસીંગપુરા, તા.ઝઘડિયાના ગેરકાયદેસર રીતે આંકફરકના આંકડા લખીને હારજીતનો જુગાર રમાડતા ઝડપાઈ ગયો હતો. આ ઈસમ સ્થળ ઉપર એક પાટીયું બોલપેન અને કાર્બનપેપર લઈને આંકડા લખી રહ્યો હતો. આ ઈસમ પાસેથી પોલીસે વિવિધ આંકડા લખેલ સ્લીપો કબજે કરી હતી.